# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

તોફાની અશ્વો પર લગામ રાખવી પડશે,
ને તંત્ર પર છૂપી નજર, રાખવી પડશે,
રાખવી પડશે મર્યાદા ઉજવણીઓ ખર્ચે -
કેગ - સમિતિઓની શરમ રાખવી પઢશે!

## હાઈકુ

થાવ સફળ,
અને અમે પ્રખ્યાત -
એ જ શુભેચ્છા..

વહે વાત્સલ્ય,
અને અમી ઝરણાં -
પ્રજા-પ્રેમનાં..

## ચિંતન

**કોઉ બિશ્રામ કિપાવ તાત સહજ સંતોષ બિનુ ।**
**ચલ કી જલ બિનુ નાવ કોટિ જતન પચિ પચિ મરિઅ ॥**
**બિનુ સંતોષ ન કામ નસાહીં કામ અછત સુખ સપને હું નાહીં ।**
**રામ ભજન બિનુ મિટહિં કિ કામા, થલ બિહીન તરુ કબહું કિ જામા ॥**

તુલસીકૃત 'રામચરિત્ર માનસ'ની આ ચોપાઇઓમાં 'સંતોષ'નું મહત્ત્વ દર્શાવ્યું છે :

હે તાત! જયાં સુધી હૃદયથી વૈરાગ્ય ન આવી ન જાય અને ત્યાગની ભાવના અંદરથી, સ્વયં જાગૃત ન થાય ત્યાં સુધી 'સંતોષ'ની વૃત્તિનો જન્મ-ભાવ પેદા થતો નથી. જો સંતોષ ન હોય તો મન-હૃદય સ્વભાવમાં ઉચાટ રહે છે અને એ પરિસ્થિતિમાં માનસિક શાંતિ - 'પરમ વિશ્રામ' કયાંથી પ્રાપ્ત થાય? આ વાત સમજાવતાં કહ્યું છે નાવને ચલાવવા જળનું હોવું અતિ આવશ્યક છે, જળ વિના કરોડો પ્રયત્ન કરો છતાં નવા ચાલતી નથી. સંતોષ રૂપી જળ પર જ પરમ શાંતિની નાવ ચાલે છે.

સંતોષ વિના, ઇચ્છાઓ-કામનાઓ-નો નાશ થતો નથી અને જયાં સુધી ઇચ્છાઓ વાસનાઓનો નાશ ન થાય ત્યાં સુધી સ્વપ્નમાં પણ સુખ મળતું નથી. રામચંદ્રજીના ભજનથી જ સાચો સંતોષ પરમશાંતિ પ્રાપ્ત થાય છે પછી ઇચ્છાઓ કે કામનાઓ થતી જ નથી. એટલે રામચંદ્રજીનું ભજન પાયો છે ધરતી છે ધરતી હોય તો જ વૃક્ષ વાવી શકાય તેમ રામચંદ્રજીના ભજન વિના સંતોષ ન મળે અને અસંતોષથી ઇચ્છાઓ જ જન્મે.

## સુવિચાર

- દરરોજ એવું પણ કંઇક (ભલું થોડું પણ) કરતા રહો જે કરવાનો તમને કંટાળો આવતો હોય, થોડા વખત બાદ તમને ખૂદને માલૂમ પડશે કે તમે પણ ચમત્કારો કરી શકો છો- **માર્ક ટ્વેઇન**
- બને તો આપબળથી તરી જા તું તારો ભવસાગર, કિનારા પર ડૂબાડે છે ઘણા તારનારાઓ, બધાયે જીતનારા વિજેતા નથી હોતા, જીવનમાં દાવ જીતે છે ઘણાં હારનારાઓ **- સાગર સિદ્ધપૂરી**
- 'કેરીયર' ખોળામાં ટપકી પડતું પાકું ફળ નથી, એનું વાવેતર કરી ઉછેરવું પડે છે, પકાવવું પડે છે **- સ્ટીફન કોવી**
- બારણે જો દે ટકોરા તો હું ભેટીને મળું.. પણ મળતું એ બીલ્લીપગ મરણની એ જ તો તકલીફ છે **- પ્રણવ પંડ્યા**
- જેમણે જીવનમાં સફળતા પ્રાપ્ત કરી છે તેઓ બધા જ પુરૂષાર્થવાદીઓ હતા, તેઓએ 'નશીબમાં હશે તેમ થાશે' એવું કદી કહ્યું નથી **- એસ. ભટ્ટાચાર્ય**
- એટલી અડબોથ મારી છે સમયે ગાલ ઉપર કે એ સુજનને લોક સૌ લાલી તરીકે ઓળખે છે **- જનકલ્યાણ**
- તમારું પોતાના ઉપર જેટલું શાસન વધુ હશે, એટલું બીજાના શાસનની જરૂર ઓછી પડશે **- જ્ઞાન સૂત્ર**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

સત્સંગ અને સ્વાધ્યાયથી જીવન પર ઊંડી અસર થાય છે અને આચરણમાં સદાચાર અને સદ્ગુણોનું પ્રમાણ વધે છે. અનિયમિત જીવનમાં નિયમ'ની લગામ લાગે છે. દુર્ગુણો-વ્યસનનો નાશ થાય છે.

જોબનપગી નામનો એક ડાકુ-લુટારો હતો એની ખેડા જિલ્લામાં હાક હતી. 'ગબ્બર' જેવો પ્રભાવ - ધનિકો ધ્રૂજતા, રડતાં છોકરાંને મા જોબનપગીની બીકે સુવડાવી દેતી. પોલીસવાળા આઘાપાછા થઇ જતા.

- એ જોબનપગી એકવાર વડતાલથી પેટલાદ રાજા કાશીયાજીને મળવા ગયા. હજુ તો ગામના પાદરમાં હતા અને જોબનપગીની વાત પવનવેગી પ્રસરી-નિશાળો છૂટી, દૂકાનો વધાવાઈ, ઘરના બારીબારણાં બંધ થઇ ગયાં જાણે કર્ફયુ! જોબનપગી દરબારમાં પહોંચ્યા. ભયભીત સ્વરે કાશીયાજીએ પૂછ્યું - બોલો શી સેવા કરું!

જોબનપગીએ કહ્યું - મેં બધા અવળા ધંધા છોડી દીધા છે મને સ્વામીનારાયણ ભગવાને કંઠી બાંધી છે આપ પણ એનો સત્સંગ કરો એ કહેવા આવ્યો છું.

કાશીયાજીમાં હિંમત આવી પૂછ્યું, શું ખરેખર એ સંત ગધેડામાંથી ગાય બનાવી દે છે? જોબનપગીએ હસીને કહ્યું, દાખલો તમારી નજર સામે જ છે, હું ગધેડા જેવો હતો.

Email - sureshchandrabhatt18@gmail.com

# 'વીગ્ઝ ઓફ ફાયર' જે અબ્દુલ કલામની આત્મકથા છે તેનો ગુજરાતીમાં અનુવાદ કયા નામથી થયો છે?

## વિષય : ગુજરાતી સાહિત્ય જગત

### ખજાનો
- ડૉ. અનિલ પટેલ

(૧) ગાંધીજીએ 'સવાઈ ગુજરાતી'નું બિરૂદ કયા કવિને આપ્યું છે?
(અ) પન્નાલાલ પટેલ (બ) કાકાસાહેબ કાલેલકર
(ક) ઝવેરચંદ મેઘાણી (ડ) દલપતરામ

(૨) ગુજરાતીમાં પ્રવાસ સાહિત્યની સૌથી પ્રાચીન કૃતિ કઈ છે?
(અ) વિદિશા (બ) સંદેશકાસક
(ક) મારો દેશ (ડ) કાશ્મીરનો પ્રવાસ

(૩) કરશનદાસ મૂળજીએ કયું સામયિક પ્રગટ કર્યું હતું?
(અ) કવિલોક (બ) જ્ઞાનસુધા (ક) સમાલોચક (ડ) સત્યપ્રકાશ

(૪) ગુજરાતી સાહિત્યમાં 'સારસ્વત' કોનું ઉપનામ છે?
(અ) ઉમાશંકર જોષી (બ) ચિનુ મોદી
(ક) પુરૂરાજા જોષી (ડ) સુરેશ જોષી

(૫) 'વસંત વિજય', 'ચક્રવાત મિથુન', 'દેવયાની' અને 'અતિજ્ઞાન'ના સર્જક કોણ છે?
(અ) કાન્ત (બ) ઉમાશંકર જોષી
(ક) રા.વિ. પાઠક (ડ) વિનેશ અંતાણી

(૬) પ્રેમાનંદની અંતિમ કૃતિ કઈ માનવામાં આવે છે?
(અ) હરિલીલા (બ) દશમસ્કંદ
(ક) ચંદ્રાહાસ્યાખ્યાન (ડ) અભિમન્યુ આખ્યાન

(૭) ચિનુ મોદી કયા ઉપનામથી ગઝલોની રચના કરે છે?
(અ) મરીઝ (બ) ઈર્શાદ
(ક) સેહની (ડ) શેષ

(૮) 'વીગ્ઝ ઓફ ફાયર' જે અબ્દુલ કલામની આત્મકથા છે તેનો ગુજરાતીમાં અનુવાદ કયા નામથી થયો છે?
(અ) આગની પાંખો (બ) અગન પંખ
(ક) આંગન પંખો (ડ) આગ અને પાંખ

(૯) નરસિંહ મહેતા એ કયા છંદમાં પ્રભાતિયા લખ્યા છે?
(અ) ઝૂલણા (બ) મંદાક્રાન્તા
(ક) શિખરીણી (ડ) સવૈયા

(૧૦) અબ્દુલ અલી વાસી 'મરિઝ' નું નામ ગુજરાતી ભાષામાં શા ના માટે જાણીતું છે?
(અ) સોનેટ (બ) ઊર્મિગીત
(ક) ગઝલ (ડ) ખંડકાવ્ય

(૧૧) ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ પ્રયોગ કરનાર હાઈકુના પિતા કોણ છે?
(અ) સ્નેહરશ્મિ (બ) ઉશનસ્
(ક) શેખાદમ આબુવાલા (ડ) ઝવેરચંદ મેઘાણી

(૧૨) 'તુલસી કયારો' નામની સામાજિક નવલકથાના લેખક કોણ છે?
(અ) રાવજી પટેલ (બ) મકરંદ દવે
(ક) પન્નાલાલ પટેલ (ડ) ઝવેરચંદ મેઘાણી

(૧૩) ગુજરાતી સાહિત્યમાં 'પ્રયોગવીર'નું બિરૂદ કોને આપવામાં આવેલું છે?
(અ) જયંત પાઠક (બ) ન્હાનાલાલ
(ક) ઉમાશંકર જોષી (ડ) બલવંતરાય ક. ઠાકોર

(૧૪) કચ્છી ભાષા, કુળની રીતે કઈ ભાષા સાથે સંકળાયેલી છે?
(અ) મરાઠી (બ) સિંધી
(ક) પંજાબી (ડ) રાજસ્થાની

(૧૫) સૌરાષ્ટ્રી બોલીમાં 'અટાણે' શબ્દનો પર્યાય નીચેનામાંથી કયો છે?
(અ) અત્યારે (બ) હટાણે
(ક) આટલો (ડ) ઓટલે

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૨૩ મે ૧૯૫૪ કેઈથ કેમ્પબેલ-બ્રિટીશ એમ્બ્રીઓલોજીસ્ટ, ૫ જુલાઈ ૧૯૯૬માં કલોનથી જન્મેલ ડોલી ઘેટાનાં સંશોધક
- ૨૩ મે ૧૯૨૫ જોસુઆ લેડરબર્ગ-અમેરીકન જીનેટીસ્ટ, ૧૯૯૫માં મેડીકલ નોબેલ પારિતોષિક જીતનાર.
- ૨૩ મે ૧૯૧૭ એડવર્ડ લોત્ઝન-અમેરિકન ગણીતશાસ્ત્રી.
- ૨૪ મે ૧૯૦૬ હરી હેમંડ હેસ - અમેરિકન જીઓલોજીસ્ટ.
- ૨૪ મે ૧૯૦૩ આર્થર માર્ટીન વિનબર્ગ-કેનેડીયન હાર્ટ સર્જન.
- ૨૪ મે ૧૮૯૧ ડબલ્યુ.એફ.એલ્બાઈટ - ચિલીયન-અમેરીકન અર્કીઓલોજીસ્ટ
- ૨૫ મે ૧૯૨૫ જહોન કોક-અમેરિકન કોમ્પ્યુટર વૈજ્ઞાનિક, ૧૯૭૦માં કોમ્પ્યુટર માટેની RISC ના શોધક
- ૨૫ મે ૧૯૨૧ જેક સ્ટેઇન બર્ગ - જર્મન બોર્ન, અમેરિકન ભૌતિકશાસ્ત્રી, ૧૯૮૮માં ન્યુટ્રીયો બીમ મેથર્ડની શોધ બદલ નોબેલ પારિતોષિક મેળવનાર.
- ૨૫ મે ૧૯૦૧ કાર્લ વેન્ગર-જર્મન ભૌતિક રસાયણશાસ્ત્રી 'સોલ્ડ સ્ટેટ કેમેસ્ટ્રી'ના ફાધર
- ૨૬ મે ૧૮૭૪ હેનરી ફાર્મેન-ફ્રેન્ચ એવીયેટર અને એરકાફ્ટ ડીઝાઈનર, ૧૯૦૮માં એરક્રાફટમાં 'એલીઓરન્સ' ડેવલપ કરનાર વૈજ્ઞાનિક
- ૨૭ મે ૧૯૫૪ લેવરન્સ એમ. ક્રાઉસ-અમેરિકન ભૌતિકશાસ્ત્રી
- ૨૭ મે ૧૯૦૯ વિલીયમ વેબસ્ટર હેન્સ - અમેરીકન ભૌતિકશાસ્ત્રી-રડારમાં માઈક્રોવેવ ટેકનોલોજી લાવનાર વૈજ્ઞાનિક
- ૨૭ મે ૧૯૦૭ રસેલ કાર્સોન - અમેરિકન મરીન બોયોલોજીસ્ટ.
- ૨૭ મે ૧૯૪૨ સ્ટેઈનલી બી. પ્રુસીનર - અમેરીકન ન્યુરોલોજીસ્ટ, ૧૯૯૭માં મેડીકલ ક્ષેત્રનું નોબેલ પારિતોષિક વિજેતા.
- ૨૮ મે ૧૯૩૦ ફ્રેન્ક ડ્રેક - અમેરીકન ખગોળશાસ્ત્રી, મિલ્કી વે ઉપર સંશોધન કરનાર વૈજ્ઞાનિક.
- ૨૮ મે ૧૯૧૫ જોસેફ ગ્રીન બર્ગ-અમેરીકન એન્થ્રોપોલોજીસ્ટ
- ૨૯ મે ૧૯૫૭ જીન ક્રિસ્ટોફ યોકોઝ - ફ્રેન્ચ ગણીતજ્ઞ.
- ૨૯ મે ૧૯૩૨ પૌલ.આર. ઈર્લીચ- અમેરીકન બોયોકેમીસ્ટ ૧૯૯૦માં નોબેલ પારિતોષિક વિજેતા.
- ૨૯ મે ૧૯૨૯ પીટર હીગ્ઝ - ઈંગ્લીશ ભૌતિકશાસ્ત્રી

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના હાલમાં સર સંઘચાલક કોણ છે?**
**જવાબ - મોહન મધુકર ભાગવત**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત એ. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭
(૪) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૫) આકાશ જી. પટેલ ) સે-૨૩

### આ સપ્તાહનો સવાલ

**તાજેતરમાં થયેલ ચૂંટણીમાં સીમાંધ્રમાં કયા પક્ષને સૌથી વધુ સીટો મળી છે?**

આપના સાચાં જવાબ સાત દિવસમાં મોકલવામાં માટેનું સ્થળ
**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

### સાચા જવાબો

(૧) બ (૨) બ (૩) અ (૪) ક (૫) અ (૬) બ (૭) બ (૮) બ (૯) અ (૧૦) ક (૧૧) અ (૧૨) ડ (૧૩) ડ (૧૪) બ (૧૫) અ

# શુભ કલ્યાણકારી તથા હકારાત્મક અભિગમ અપનાવવાથી દરેક પ્રસંગમાં થતા કાર્યમાં કાયમ સફળતા મળે છે

## સંસ્કાર ચિંતન
અનંત ન. વ્યાસ

(ગતાંકથી આગળ...)

કલ્યાણકારી દૃષ્ટિ ધરાવનાર સૌ સાથે પ્રેમ તથા મૈત્રી ભાવથી જુવે છે. પરિણામે સમાજમાં તેનું એક સ્થાવ બની જાય છે. પોતાના માન-અપમાન બાજુ પર રાખી જે અન્યના હિતમાં કામ કરે છે તે પરમ કલ્યાણ પામે છે. શુભ્ર પ્રતિભા ધરાવનાર ગમે તે સ્થાન પર હોય તો પણ સફળતા પામે છે. એ ઉદ્યોગપતિ હોય, વ્યાપારી હોય, નોકરીયાત હોય કે માત્ર કારીગર હોય - તે કાયમ સત્કાર્યો જ કરે છે અને સત્કાર્ય કરનારને પ્રભુ કાયમ મદદ કરે છે. સુખ તેને શોધતું આવે છે. શ્રીમદ્ ભાગવત - પુરાણમાં રાજા પૃથુની કથા છે. રાજાએ સૌ પ્રથમ પ્રકૃતિ - ધરતીનું દોહન કર્યું હતું. મતલબ સૌ પ્રથમ ખેતી વ્યવસ્થિત કરી. ખનન દ્વારા ખનીજો પ્રાપ્ત કર્યા ને સંપત્તિ પ્રાપ્ત કરી. હકારાત્મક વિચારધારાથી મનમાં શ્રદ્ધાનું બીજ વવાય છે. તેને કાયમ ઉમદા ઉચ્ચ વિચારના ફળો લાગે છે, સારા વિચારો આનંદપ્રદ તથા સંતોષી જીવન જીવવાનું બળ પુરૂં પાડે છે.

કેટલાક માણસો વિપત્તીથી ડરતા હોય છે. વિપદો જ આવશે... અને પોતાનું શું થશે... તેવા વિચારો કર્યા કરે છે. વિપદ્‌ના વિચાર-માત્રથી તેઓ ઢીલા પડી જાય છે અને જયારે ખરેખરી કોઇ મુશ્કેલી આવે છે ત્યારે માત્ર રોદણાં રડ્યા કરે છે. કોઇ તેની મદદ કરવા આગળ નથી આવતું ત્યારે શુભ્ર દૃષ્ટિ તથા બુદ્ધિ ધરાવનાર આવનાર વિપત્તિ માટે પુરતો વિચાર કરે છે. તેનાથી છૂટવા યોગ્ય પ્રયાસો કરે છે. તે પ્રકારનું આયોજન કરે છે. વિપત્તિ આર્થિક હોય કે સામાજિક - તેની પાસે અવશ્ય માર્ગ હોય છે. તેણે કરેલા સદ્‌કાર્યો તેની રક્ષા કરે છે. મિત્રો આપદ્ સમયે પડખે ઊભા રહે છે. જ્ઞાની માણસોને આવી વાતનો પૂરો ખ્યાલ હોય છે. પોતાની તીવ્ર તથા કલ્યાણકારી બુદ્ધિથી ચાણક્યે ચંદ્રગુપ્તને મગધનો રાજવી બનાવ્યો હતો.

કલ્યાણકારી બુદ્ધિનું ત્રીજું કાર્ય મલીનતા ધોવાનું છે. સંપત્તિ તથા વિપત્તી પુરતું આ મર્યાદિત ક્ષેત્ર નથી કારણ આ તો મનનો મેલ ધોવાનો છે. માવવમાં અગાધ સામર્થ્ય તથા શક્તિ છે. પણ મન સાદુ, સીધું, સરળ તથા ભોળું નથી. એ તો મર્કટ છે. તેની અંદર અનેક પ્રકારની ગંદકી ભરેલ છે. આપણે મોટા ભાગે તો નવા લાગતા પણ અસદ્ ભાવોથી વધારે ખરડાયા હોઇએ. કામ તથા ક્રોધના આવેગો વારંવાર મન પર કબજો જમાવે છે. અહંકાર ઘવાયેલા સાથ જેમ ફૂંફાડા મારે છે ઇર્ષ્યા. અદેખાઇ અને પરનિંદાના ભાવથી મન ખદબદે છે. તૃષ્ણાઓ તથા અતૃપ્તિઓ કયારેક શાંત થતી નથી. કામનાઓ કાયાને પાણી-પાણી કરી જીવનને મૂલ્યહીન બનાવે છે. આપણે જાત-જાતનો કચરો ચક્ષુ તથા શ્રોત્ર દ્વારા મનમાં ઠાલવીએ છીએ. ગંદકીના આ જે ગંજ ખડકાયા છે. તેની સફાઇ કોણ કરી શકે? શુભ તથા કલ્યાણકારી ભાવનાઓ, જીવનમાં ઉતારવાથી મનમાંના અસદ્ - ભાવોનું નિરાકરણ થાય છે. જાગૃત તથા વિવેકી માનવીની બુદ્ધિ જ તેને નાના મોટા પ્રસંગોમાં બચાવે છે. લાગણી તથા આવેગો પર જો બુદ્ધિની લગામ આવે તો ગંદકી સાફ થાય. આપણાથી અપ્રમાણિક ન જ થવાય. સંયોગને ખોટો લાભ ન લેવાય, કે કોઇનો પણ તીરસ્કાર ન કરાય - આવી ભાવના જ માનવીને બચાવે છે. બુદ્ધિ જે નિર્ણય આપે તે પ્રમાણે વર્તવાથી ઘણા ખરા પ્રસંગોમાં બચી જવાય છે. ખાસ કરીને તો કામ તથા ક્રોધ જ માનવીના પતનના કારણો બને છે. ભગવાન શ્રીકૃષ્ણે તે નર્કના દરવાજા કહ્યા છે. મનમાં જન્મતી તમામ કામનાઓ પર કાબુ મેળવી, શાંત નિર્મોહી જીવન જીવવાથી તમામ મલીનતા સાફ થઇ જાય છે.

કલ્યાણકારી બુદ્ધિનું ચોથું કાર્ય ક્ષેષ્ઠ કાર્ય છે. સંપત્તિ, વિપત્તિ અને મલીનતા એ વ્યક્તિગત બાબત છે. પણ સંસ્કારથી અન્યને પવિત્ર કરી, સમાજને એક ડગલું આગળ લઇ જવાનું કાર્ય પણ આ પ્રકારની બુદ્ધિ કરે છે. સંતો જેમ પારસમણી કરતાં વધારે હિતકારક મનાયા છે. તેમ કલ્યાણકારી બુદ્ધિ કામધેનું કરતાં વધારે મનાઇ છે. કામધેનું તો માત્ર ભોગ્ય - પદાર્થને જ પેદા કરી શકે. પણ તે વ્યક્તિમાં સંસ્કાર ન પ્રેરી શકે. ન તો એ સમાજને સંસ્કારી બનાવી શકે. એ કર્મ તો માત્ર જ્ઞાની પુરૂષ દ્વારા જ થાય. જ્ઞાની વ્યક્તિ, પોતાના જ્ઞાનના પ્રકારથી સંપર્કમાં આવતા સૌના જીવન ઉજાળી શકે. જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થતા માનવી સારાસારનો વિવેક કરી શકે. પોતાના ધર્મની સાચી સમજ પણ જ્ઞાનના પ્રકાશને કારણે જ પ્રાપ્ત થાય. જ્ઞાનનો પ્રકાશ માત્ર સીધી લીટીમાં પ્રવાસ નથી કરતો. એની ગતિ તો વર્તુળાકાર હોય છે. બૃહદ્ - આરણ્યક ઉપનિષદમાં જણાવ્યું છે કે સંસ્કાર તથા સંપત્તિ ઇચ્છનારે બ્રહનિષ્ઠ વ્યક્તિનો સત્સંગ કરવો. સત્યનિષ્ઠ વ્યક્તિનો સતત સંગ જ અન્યને સત્યપ્રિય બનાવે. સંસ્કારરૂપી ધન આવે જે અંતિમ સમયે ખપ લાગે છે. આ ધન એટલે ધીરજ - સજ્જનતા સુશીલતા અને સદ્‌ભાવ, સત્યનિષ્ઠ માનવી સમાજને અહિત થાય તેવું કંઇ તેવું કંઇ ન કરે.

બુદ્ધિનો ગેર-ઉપયોગ કે ઉર્જા શક્તિનો એટમ-બોમ્બમાં પ્રયોગ જેવું કાર્ય છે. શુભ કલ્યાણકારી તથા હકારાત્મક અભિગમ અપનાવવાથી દરેક પ્રસંગમાં થતા કાર્યમાં કાયમ સફળતા મળે છે. કોઇ પણ ક્ષેત્રમાં, જે કંઇ પણ પ્રાપ્ત કરવું હોય તો તેના માટેનો રાજપથ એ શુભ બુદ્ધિ તથા હકારાત્મક વલણો છે. જીવનમાં આ પ્રકારના વલણ અપનાવનાર કયારેક દુ:ખી થતો નથી.

# ગાંધીનગર અને મોદી 'ઘટના વિનાના શહેરની એક ઘટના'
## (મોદી વિષે આવો લેખ તમે નહિં જ વાંચ્યો હોય...)

## ધ કોફી હાઉસ
ઉત્સવ પરમાર

લાંબી પ્રતીક્ષાનો અંત આવ્યો, અટકળો અને અફવાઓનો એક યુગ પૂરો થયો, કેટલાકને હાશ થઈ, કેટલાકની છાતી અદ્ધર ચડી ગઈ, છાપાઓ થાકી ગયા, ઈતિહાસની ચોપડીઓમાં કોરા પાના જોડાઈ ગયા જેમાં કૈક નવું અથવા નવા જેવું કૈંક છપાશે-લખાશે...૧૯૮૪ પછી બહુ લાંબા સમયે કોઈ પાર્ટીને આટલું વિશાળ અને પ્રચંડ જન-સમર્થન મળ્યું અને ભારતની સૌથી મોંઘી સામાન્ય ચુંટણી સંપન્ન થઈ. ચુંટણીની કામગીરીમાં વ્યસ્ત તંત્રને હાશકારો અને દુનિયાની સૌથી વાયબ્રન્ટ ડેમોક્રેસીના ધબકારનો વધુ એક કાર્ડિયોગ્રામ!

આજકાલ ભારતભરના લોકોની ચર્ચાનું કેન્દ્ર એક જ વ્યક્તિ છે - નરેન્દ્ર મોદી! ગુજરાતના એક મધ્યમ વર્ગીય પરિવારમાં જન્મેલો એક આમ આદમી સવાસો કરોડ લોકોનું રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે પ્રતિનિધિત્વ કરશે તે આ લોકશાહીની તાકાત છે. વૈચારિક અને કાર્યિક રીતે પાર્ટી કે નેતા સાથે કોઈને મતભેદ હોઈ શકે પણ રાજનીતિનો કોઠા વીંધીને આગળ વધવાની દક્ષતાને સૌ એ સ્વીકારવી રહી...

બદલાવનો સમય છે અને એક ટ્રાન્ઝીશન્લ પીરીયડ ચાલી રહ્યો છે અને ગુજરાત અને ખાસ કરીને ગાંધીનગરના લોકો માટે આ અનુભવ જરાક જુદા પ્રકારે થવાનો! રાજકીય વિચારથી આ આખી એક અલગ જ વાત છે... વાત ગાંધીનગર અને મોદી ની!

અને આ વાત ફક્ત ગાંધીનગર નિવાસી જ સમજી શકશે... કદાચ!

લગભગ રાજનીતિની કોઈ સમજણ ન હતી ત્યારે પણ આ માણસ ગુજરાતનો સી. એમ હતો અને રાજનીતિની જે થોડી ઘણી સમજણ આવી રહી છે ત્યારે આ માણસ ભારતનો પી.એમ. થવા જઈ રહ્યો છે... પણ ગાંધીનગર અને ગાંધીનગરના રસ્તાઓ સાથે મોદી અને તેના કાફલાનો ઘરોબો થોડો જુદા પ્રકારનો! ઘરે કોઈ મહેમાન આવે અને અક્ષરધામ લઈ જવાના થાય (ગાંધીનગરની પરોણાગતિની એક પરંપરા) તો અચૂક સી. એમ. હાઉસ તરફ આંગળી ચિંધાઈ જાય, જુઓ કાકા પેલું મોદીનું ઘર! રસ્તાઓમાં ક્યારેક બાઈકોનો ટોળા કરી ઉભા રહેતા... કે પછી અમદાવાદથી આવતા હોઈએને અચાનક પોલીસની એક પાઈલોટ જીપ સટાક કરતી નીકળે, હવાલદારોના જાડા શરીરો અને પાતળી લાકડીઓ એલર્ટ થઈ જાય! એટલે ખબર પડી જાય કે મોદીનો કાફલો નીકળવાનો છે. ૫ મિનિટ માટે બધું અટકી જાય, એટલામાં આજુબાજુમાં ઉભેલા બાઈક વાળા રીક્ષા વાળા કે બસમાં હોઈએ તો કોઈ જાણકાર પ્રકારનો કોઈ મુસાફર મોદીની સિક્યોરીટી સીસ્ટમની વાતો કાઢવા લાગે, એ જ સ્ટીરિયોટાઈપ વાતો જેમ કે મોદી કઈ ગાડીમાં હોય એ કોઈ ને ખબર ના હોય ને એના ગાર્ડ્સ આવા હોય ને તેવા હોય ને! બીજો કોઈ માણસ અચૂક એવું કહેતો સાંભળવા મળે કે સરકારના પૈસે તાગડધિન્ના છે, આવી રીતે કાફલા માટે ટ્રાફિક થોડો રોકાયને એવું ઘણું બધું! મોદીના કાફલાની એક બહુ પ્રખ્યાત વાત એટલે એક ગાડીમાં લાગેલું જામર-જે મોબાઈલના (એટલે અમુક ફ્રિકવન્સીના) સિગ્નલ્સ બંધ કરી દે! કેટલાય લોકો મોદીનો કાફલો જતો હોય ત્યારે દર વખતે પોતાના મોબાઈલ ફોનના ટાવર ચેક કરે... (ઉભા ઉભા આમેય બીજું શું કરવાનું ?) ને પોતાનું કૌતુક સંતોષે! સ્કોર્પિયોની સડાસટ જતી ગાડીઓનો કાફલો ગાંધીનગરનો એક ભાગ બની ગયેલો... અક્ષરધામ કે ઘ-૪ ના ગાર્ડનની જેમ ! પણ હવે થોડું ખાલી લાગશે... રાજકારણ જે હોય એ... પણ સાલું આ કાફલો ગાંધીનગરના રસ્તાઓ પર ખૂટશે ખરો!

ગાંધીનગરના લોકો માટે મોદી એ ત્રીજો પુરુષ એકવચન છે, મોદી એમના માટે સામેના ફ્લેટમાં રહેતો પડોશી છે અથવા બાજુના ટેબલ પર કામ કરતો કલીગ છે... એટલે મોદી આયો કે મોદી ગયો એવા સંવાદ અહિયાં સામાન્ય છે. આમ તો નામોનું આ પ્રકારનું સામાન્યકરણ દેશ પ્રદેશના દરેક નેતા માટે હોય પણ નેતા જે પ્રદેશનો હોય ત્યાના લોકોની ફીલીંગ્સ થોડી વિશેષ હોય! મોદી જાણે ગાંધીનગરનો એક ભાગ બની ગયેલો અને તેના વગર રાજય હોઈ શકે તેવી કલ્પના પણ કોઈ કરતુ નહિ... કોલેજની કેન્ટીનો માં છોકરાઓ વાતો કરતા, મોદી આયો છે હવે નહિ જાય! મોદી ગાંધીનગર માટે એક પોલીટીકલ નોસ્ટાલોજિયાનો ભાગ બની ગયો છે અને એટલે જ કદાચ હમણાંથી ગાંધીનગરના યુવાનો છેલ્લા ૧૦-૧૨ વરસોમાં કોઈને કોઈ પ્રસંગે મોદી સાથે પડાવેલા ફોટા ફેસબુક પર મૂકી ને લાઈકો ઉઘરાવી રહ્યા છે... બાપુ જોવો, પ્રાઈમ મીનીસ્ટર ઓફ ઈન્ડિયા જોડે આપણે ય ફોટો પડાવેલો અને કેપ્શન ઈંગ્લીશમાં લખે 'વિથ ધ પ્રાઈમ મીનીસ્ટર ઓફ ઈન્ડિયા શ્રી નરેન્દ્ર મોદી' અને અહિયાં પેલો ત્રીજો પુરુષ એક વચન ગાયબ થઈ જાય અને માન વાચક શબ્દો શરુ થઈ જાય!

મોદીનો કોઈ પ્રોગ્રામ એટલે કોઈ રાજકીય ઉત્સવ ! ચ-૦ એ લાગેલા હોર્ડિંગ્સથી લઈ ને છેક ચિલોડા સર્કલ સુધીના હોર્ડિંગ્સ સુધી ગાંધીનગર ઝુમતું હોય,ગાડીઓ દોડતી હોય! નેશનલ મીડિયાની ઓબી વાન્સ પણ વધી જાય! અમદાવાદથી બસમાં આવતા હોઈએને તો રસ્તાઓ પરનો આખો માહોલ જ જુદો હોય, બધી જ ગાડીઓ અને બસો અને લોકો એકાએક ગાંધીનગર તરફ આવવા વળી ગયા હોય એવું લાગે... છોકરો નોકરીનું ઈન્ટરવ્યુ આપવા જતો હોય કે છોકરીના લગ્ન હોય એમ ગાંધીનગર અપ ટુ ડેટ હોય ! સાયેબ...આ બધું ફીલ થાય પાછુ હો!

મજા ત્યારે આવે જયારે સરકાર વિરોધી કે વિશેષત 'મોદી વિરોધી રેલીઓ' ગાંધીનગરમાં નીકળવાની હોય, ત્યારે ગાંધીનગર લશ્કરી છાવણીમાં ફેરવાઈ જાય! ચારે બાજુ પોલીસ જ પોલીસ, ચેતક કમાન્ડોઝ અને વજ્ર! ફિલ્મી ફિલ્મી લાગ્યા કરે બધું! આશારામના સમર્થકો પર જયારે ટીયર ગેસ ના સેલ છોડાયા ત્યારે ધુમાડા ભર્યા બેક ગ્રાઉન્ડમાં દોડતા લોકો બહુ ડ્રામેટિક લાગ્યા હતા ... માં કસમ મોદીના લીધે આ શહેર ને 'ઘટનાઓ' મળી ખરી!

અને છેલ્લે... મોદીની ગાંધીનગર ને સૌથી મોટી ગિફ્ટ કઈ? ના ભાઈ, ગીફ્ટ સીટી નઈ! ગાંધીનગરના એક યુવાન તરીકે મને જે બે મોટી ભેટ લાગી છે તે છે ઈન્ફોસિટી અને ઘ-૪ નો બગીચો ! કદાચ ગાંધીનગર માં આ જ બે જગ્યાઓ છે જયાંથી ગાંધીનગર ને તેની વાર્તાઓ મળી શકે, જયાં ગાંધીનગર આખું ભેગું થઈ શકે અને જલસા કરી શકે... આ બે જગ્યાઓ વિના ગાંધીનગરની કલ્પના તો કરી જુઓ ખાલી?

રાજકારણથી જુદી આ વાત મોદી અને ગાંધીનગરના સંબંધની હતી, રાજકીય ચર્ચાઓથી જુદી અને રાજકારણથી પણ તદ્દન વેગળી આદત બની ગયેલા માણસ ની વાત હતી... ગાંધીનગરના રસ્તાઓ પર આ માણસ હવે નહિ હોય, ગુજરાતના નવા મુખ્યમંત્રી નામિત થઈ ચુક્યા છે ત્યારે ગાંધીનગરને આ નવો સંબંધ અજુગતો લાગી શકે... કેમ કે જૂની આદતો જલ્દી જતી નથી !

- Ch9723367947@yahoo.com